# જીવન આસ્થાની સલાહની અવગણના મહેંદી માટે જીવલેણ બની

**મહેંદી-સચિનના પ્રેમ પ્રકરણની તેમના પરિવારો જાણ હતી : અગાઉ મહેંદીએ જીવન આસ્થા હેલ્પલાઈનની મદદ પણ માંગી હતી જેમાં સચિનને છોડી પૂર્વ પતિ સાથે સમાધાન કરવાની સલાહ અપાઇ હતી : એકવાર સચિન વિરૂદ્ધ મહિલા પોલીસ સમક્ષ અરજી કરતાં પોલીસે સચિનની અટકાયત પણ કરી હતી**

ગાંધીનગરના પેથાપુર ખાતે તરછોડાયેલા માસુમ બાળકના ચકચારી પ્રકરણમાં હત્યારા સચિન દીક્ષિતના પરિવરજનોને સમગ્ર પ્રેમ પ્રકરણની અગાઉથી જાણ હોવાનો પોલીસ દ્વારા ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. પોલીસે જણાવેલ વિગતો અનુસાર અગાઉ મહેંદીએ ૨૦૧૯માં એકવાર જીવન આસ્થા હેલ્પલાઈનમાં ફોન કરીને તેના સંબંધો બાબતે સલાહ પણ માંગી હતી અને એકવાર મહેંદીએ અમદાવાદ મહિલા પોલીસને સચિન વિરુદ્ધ અરજી કરતાં પોલીસે સચિન સામે અટકાયતી પગલાં પણ ભર્યા હોવાનો ખુલાસો રેંજ આઈજી અભય ચુડાસમાએ કર્યો છે.

ગાંધીનગરના પેથાપુર ખાતે સ્વામિનારાયણ મંદિરની ગૌ-શાળામાં માસુમ બાળકને તરછોડવાની ઘટના બાદ બહાર આવેલા મહેંદી ઉર્ફે હિનાની હત્યા કેસમાં આરોપી સચિન દીક્ષિતના રિમાન્ડ આવતીકાલે પુરા થઈ રહ્યા છે. આ કેસમાં અગાઉ એવી વિગત બહાર આવી હતી કે સચિન દીક્ષિતની કાયદેસરની પત્ની તથા તેનો પરિવાર તેના પ્રેમ પ્રકરણથી અજાણ છે પરંતુ ગાંધીનગર પોલીસની તપાસમાં નવા થયેલા ખુલાસા અનુસાર બંને પરિવારો આ પ્રેમ પ્રકરણથી વાકેફ હતા તેમજ એકવાર મહેંદીની અરજીના આધારે સચિન દીક્ષિત સામે અમદાવાદના શાહીબાગ મહિલા પોલીસે અટકાયતી પગલાં પણ લેવાઈ ચુકેલા છે. એટલું જ નહીં પરંતુ ગાંધીનગર પોલીસની તપાસમાં મહેંદી ઉર્ફે હિના પોતે સચિન દીક્ષિત પરણિત હોવાની વાતથી વાકેફ હતી અને એકવાર સચિનના મોબાઈલમાંથી તેની પત્નીનો ફોન નંબર પણ મહેંદીને મળી ગયો હતો જેના પગલે મહેંદી અને સચિન વચ્ચે કંકાસ થતાં બન્ને અલગ થઈ ગયા હતા.

જોકે થોડા સમયમાં મહેંદી અને સચિન બન્ને ફરી સાથે થઈ ગયા હતાં પરંતુ બન્ને વચ્ચે વારંવાર થઈ રહેલા કલેશને કારણે વ્યથિત મહેંદીએ વર્ષ ૨૦૧૯માં પહેલી નવેમ્બરે જીવન આસ્થા હેલ્પલાઈનમાં ફોન કરીને મદદ માંગી હતી. જીવન આસ્થા હેલ્પલાઈનમાં તેની વાત ૫૪ મિનિટ સુધી ચાલી હતી જેમાં હેલ્પલાઈનના કાઉન્સિલર દ્વારા સચિન પરિણીત હોવાથી તેનાથી અલગ થઈ જઈને પોતાના પૂર્વ પતિ સાથે સમાધાન કરી લેવું બહેતર રહેશે તેવી સલાહ પણ આપવામાં આવી હતી. આમ છતાં મહેંદીએ સચિન દીક્ષિત સાથે ફરી રહેવાનું શરૂ કરી દિધું પરંતુ બન્ને વચ્ચે સતત ઝઘડાં થયાં કરતા હતા. એકવાર ઝઘડો વધી જતાં મહેંદીએ શાહીબાગ મહિલા પોલીસ સ્ટેશને સચિન વિરુદ્ધ ઈપીકોની કલમ ૩૭૬ અનુસાર બળજબરીથી શારિરીક સબંધ બાંધવાની ફરિયાદની અરજી પણ આપી હતી જેના પગલે પોલીસે સચિન સામે અટકાયતી પગલાં પણ ભર્યા હતા પરંતુ મંહેદીની માસીએ આવીને સમાધાન કરાવી દેતાં મહેંદીએ અરજી પાછી ખેંચી હતી. જોકે આ અટકાયતને કારણે મહેંદી અને સચિનનું પ્રેમ પ્રકરણ બંને પરિવારોમાં ખુલ્લું પડી ગયું હતું. જોકે બન્ને ફરી એક થઈ ગયાં હતા અને પછી સચિનની બદલી પણ વડોદરામાં થતાં તે મહેંદી સાથે બાપોદ ખાતે દર્શનમ્ ઓએસિસ ફલેટમાં ભાડેથી રહેવા લાગ્યાં હતા.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે લેન્ડ ગ્રેબીંગ અને મહેસુલી અધિકારીઓની બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર તાલુકા પંચાયતમાં બઢતી-બદલી પછી કર્મચારીઓને કામગીરીની ફાળવણીના હુકમો કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખના અધ્યક્ષસ્થાને ૧૫મા નાણાંપંચની તાલુકાની ગ્રાન્ટના કામોના આયોજન માટે બેઠક મળી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ૨૧મી ઓક્ટો.ના રોજ જિલ્લા આરોગ્ય સમિતિની બેઠક મળશે.
- ગાંધીનગરની વિવિધ સરકારી કચેરીઓમાં અષ્ટમીના પર્વને લઈ કર્મયોગીઓ ઘરે જવા બપોર પછી જતા મોટા ભાગની કચેરીઓ ખાલી જણાતી હતી.
- જિલ્લા પંચાયતોના પ્રમુખો તેમજ બાંધકામ સમિતિના ચેરમેનોની આજે રાજ્યના માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદીના અધ્યક્ષસ્થાને સરકીટહાઉસ ખાતે બેઠક મળી હતી.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદોમાં ભારે વધારો થવા પામ્યો છે.
- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ૧૫મીએ વિજયાદશમી પર્વની ઉજવણી કરાશે. આ અંતર્ગત એક ખાસ વ્યાખ્યાનનું આયોજન ફૂટબોલ ગ્રાઉન્ડ સે. ૩-એન્યુ ખાતે ડે. ડાયરેક્ટર રસિકલાલ ગુણાના અધ્યક્ષસ્થાને કરાયુ છે જેમાં ડૉ. હિમાંગ પુરોહિત મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ખબરદાર તમારામાંથી કોઈએ ટોયલેટની દિવાલ પર કોલસાથી આઈ લવ યુ લખ્યુ છે તો... ખબર છે... દેશમાં કોલસો ખૂટી રહ્યો છે...



જય અંબે પરિવાર દ્વારા પ્રતી નવરાત્રીમાં દરરોજ સવાર-સાંજ માતાજીની આરતી, થાળ અર્પણ, ગરબાથી પૂજન કરવામાં આવે છે. નવરાત્રીની આઠમના દિવસે નવ દેવીના સ્વરૂપે નવ કુંમારીકા પૂજન અને બટુક પૂજન પરિવારના કાર્યાલય ખાતે કરવામાં આવ્યુ હતું.

## લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા કેન્સર પીડીત બાળકોની મુલાકાત

ગાંધીનગર, તા.૧૩

લાયન્સ કલબ ફેમિનાના સભ્યોએ અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પીટલના કેન્સરપીડીત બાળકોની મુલાકાત લીધી હતી તથા કલબના સભ્યોએ સાથે મળીને બાળકોના ચહેરાઓ પર સ્મિત લાવવાના પ્રયાસ રૂપ રંગલા રંગલીનું નાટક ભજવ્યુ હતું. બાળકોના હસતા ચહેરા જોઈ ઉપસ્થિત સભ્યો ભાવુક થઈ ગયા હતા. ડિસ્ટ્રિક્ટ ડાયરેક્ટર રૂપાબેન શાહ તથા તેમની કલબ તરફથી બાળકોને સૂકામેવો, ટીફીન બોક્ષ, બેગ, વોટર બોટલ તથા ડેન્ટલ કીટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ ગવર્નર જગદીશભાઈ અગ્રવાલ તથા ફૂડ ફોર હંગરના ચેરમેન રશ્મિકાંતભાઈ શાહ હાજર રહ્યા હતા. લાયન્સ કલબ ફેમિનાના પ્રમુખ વૈશાલીબેન જોષીની સાથે લાયન્સ કલબ શાહીબાગના પ્રમુખ ઉર્વીશભાઈ ત્રિવેદી તથા તેમના સભ્યો પણ જોડાયા હતા. કાર્યક્રમનો કારભાર ડિસ્ટ્રિક્ટ ડાયરેક્ટર રૂપાબેન શાહ તથા તેમની ટીમે ઉપાડયો હતો.



## ગૃહ વિભાગ સામે પંચાયત વિભાગની ટીમનો ૨૦ રને વિજય

**મયુરસિંહ ચાવડા અને હાર્દિક પ્રજાપતિના શાનદાર ફોર્મથી પંચાયતની ટીમ વિજયી**

ગાંધીનગર, તા. ૧૩

પંચાયત વિભાગ અને ગૃહ વિભાગ વચ્ચે આજે સે. ૮ ખાતે રમાયેલ મેચમાં પંચાયત વિભાગનો ૨૦ રને વિજય થયો છે.

પંચાયત વિભાગે આજે ટોસ જીતી અને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. પંચાયત વિભાગની ટીમે તેના દાવનો આરંભ મજબુતાઈ સાથે કર્યો હતો. ૫.૪ ઓવરમાં જ ૫૪ રનની ઓપનીંગ જોડીએ ભાગીદારી નોંધાવી હતી. હિતેશ પટેલ ૩૧ રનના વ્યક્તીગત જુમલે બોલ્ડ આઉટ થયો હતો.

આ પછી ડૉ. હાર્દિક પ્રજાપતિ સાથે મયુરસિંહ ચાવડા રમતમાં જોડાયા હતા. આ બન્ને બેટ્સમેનોએ બાજી સંભાળી ટીમનો જુમલો ૧૦૪ રન પર પહોંચાડી દીધો હતો. આ પળે જ ગૃહ વિભાગની ટીમે આક્રમક ફિલ્ડીંગ કરતાં એક સાથે ૪ વિકેટ પંચાયત વિભાગે ગુમાવી દીધી હતી અને પંચાયત વિભાગની ટીમનો દેખાવ ચિંતાજનક સ્થિતિમાં આવી ગયો હતો.

ઉપરાઉપરી ૪ વિકેટ જતાં મયુરસિંહ ચાવડા અને ચિરાગસિંહ દેવડાએ પુનઃ બાજી સંભાળી ટીમને મજબુત સ્થિતિમાં લઈ જવામાં સફળતા મેળવી હતી. આ બન્ને બેટ્સમેનોએ ૨૪ રનની ભાગીદારી કરી ત્યાં જ ચાવડા આઉટ થયા હતા. આ પછી પંચાયત વિભાગે સમયાંતરે વિકેટો ગુમાવતાં ટીમનો સ્કોર ૧૪૩ રન પર પહોંચ્યો હતો.

૧૪૪ રનના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી ગૃહ વિભાગની ટીમે નબળી શરૂઆત કરી હતી અને ૪ રને જ પ્રથમ વિકેટ ગુમાવી હતી. જો કે આ પછી ગૃહ વિભાગ તરફથી કોઈ જોડી બહુ ટકી શકી ન હતી અને સમયાંતરે વિકેટો ગુમાવી હતી.

પંચાયત વિભાગ તરફથી ડૉ. હાર્દિક પ્રજાપતિએ ૩ વિકેટ ઝડપી હતી. જ્યારે ચિરાગસિંહ દેવડા, મયુરસિંહ ચાવડા, હાર્દિક સુથારે એક-એક વિકેટ ઝડપી હતી. પંચાયત વિભાગ તરફથી મયુરસિંહ ચાવડાએ બે કેસ ઝડપ્યા હતા તેમજ એક વિકેટ લીધી હતી અને ૨૬ રનનું યોગદાન આપ્યુ હતુ. તો હાર્દિક પ્રજાપતિએ ૩ વિકેટ અને ૪૯ રનનું મહત્વપૂર્ણ યોગદાન આપી શાનદાર દેખાવ કર્યો હતો.

## એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ દ્વારા મેથેમેનીયા વર્કશોપ યોજાયો

એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સીસ એન્ડ રીસર્ચનાં મેથેમેટિક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા મેથેમેનીયા વર્કશોપ ઓનલાઈન માધ્યમથી યોજાયો હતો. આ વર્કશોપમાં વિવધ યુનિવર્સિટીનાં ૨૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગી લધો હતો. આ વર્કશોપમાં વિષય નિષ્ણાંત તરીકે ડૉ. સચિન સિંઘ, યોગેશ પટેલ, સિધ્ધાંત ત્રિવેદી, ડૉ. નિધિ જૈન તેમજ મિલન પટેલ દ્વારા પોતાના વિષયની ઉંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી.

## ચૌધરી કોલેજ ઓફ એજયુકેશનમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ચૌધરી કોલેજ ઓફ એજયુકેશનમાં વકતૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બી.એડ.ની તાલીમાર્થી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં આચાર્ય ડૉ.દિનેશ પટેલે તાલીમાર્થી બહેનોને પ્રોત્સાહન આપતા શબ્દો વ્યકત કર્યા હતા. આ સ્પર્ધાનું સંચાલન પટેલ રીંકલબેને કર્યું હતું. નિર્ણાયક તરીકે મંજુલાબેન યાજ્ઞિક, મમતાબેન, નેટાબેન હાજર રહ્યા હતા.




આસો નોમના દિવસે રૂપાલ ગામે યોજાતો પલ્લીનો મેળો જગપ્રતિદ્ધ છે પરંતુ કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી તેનુ આયોજન કરવામાં આવતુ નથી. આ વર્ષે પણ મેળો નહી યોજાય પરંતુ ગ્રામજનો દ્વારા પરંપરાગત રૂટ પર પલ્લી જરૂર નીકળશે. બહારગામથી ભાવિકોનો ધસારો ન થાય તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. ટ્રાફિક પોલીસે અહીની વ્યવસ્થા સંભાળી છે.

## વિધાનસભા સચિવાલયની મહિલા અધિકારીઓ-કર્મચારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરતા અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્ય

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભા ખાતે દુર્ગા અષ્ટમીના દિવસે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યે ગુજરાત વિધાનસભા સચિવાલયની મહિલા અધિકારીઓ - કર્મચારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ વેળાએ વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યે કહ્યું કે મહિલાઓને પોતાની કારકિર્દી ઘડતી વખતે કૌટુંબિક ભૂમિકાઓ નિભાવવામાં સંતુલન રાખવું પડતું હોય છે અને આ સંતુલન જાળવવામાં મહિલાઓને કેટલીક સામાજિક સમશ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. આવા અનેક પડકારો હોવા છતાં પણ આજે મહિલાઓએ ગગનચુંબી સફળતાઓ હાંસિલ કરી પોતાની સક્ષમતા સાબિત કરી છે. પરિણામે આજના આ સ્પર્ધાત્મક યુગમાં દરેક ક્ષેત્રે સફળ મહિલાઓની સંખ્યા વધી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે મહિલાઓએ કલાકો સુધી ઓફિસમાં કામ કરતી હોય છે, તેમના કાર્યો ત્યાં સમાપ્ત થતા નથી, તેમણે ઘરે પરત ફરી ઘરના અન્ય રોજિંદા કામો પણ કરવાના હોય છે. આટલી બધી જવાબદારીઓ નિભાવવાની સાથે મહિલાએ પોતાનું સ્વાસ્થ્ય પણ જાળવવું અનિવાર્ય છે ત્યારે ઉપસ્થિત સર્વે મહિલાકર્મીઓને ટિફિન બોક્સ આપી તંદુરસ્ત સ્વાસ્થયની શુભેચ્છાઓ પણ તેમણે પાઠવી હતી.

શુભેચ્છા મુલાકાત દરમિયાન તેમણે કેટલીક બોધવાર્તા અને કેટલાક પોતાના પ્રેરણાદાયી અનુભવો જણાવી ઉપસ્થિત સર્વે મહિલાઓમાં નવી ઉર્જાનો સંચાર કર્યો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ટૉય મેન્યુફેક્ચરિંગ-સ્ટાર્ટઅપ અંગે ત્રિદિવસીય વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્કૂલ ઑફ ઈન્ડિક સ્ટડીઝ અંતર્ગત ચાલતા ટૉય ઈનોવેશન વિભાગ દ્વારા આગામી ૨૦ થી ૨૨ ઑક્ટોબર દરમિયાન ટૉય મેન્યુફેક્ચરિંગ અને સ્ટાર્ટઅપ અંગે ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ટૉય મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામ ધરાવતા નિષ્ણાતો દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે. આ અંગે સ્કૂલ ઑફ ઈન્ડિક સ્ટડીઝના ડાઈરેક્ટર ડૉ.નિમિષ વસોયાએ જણાવ્યું કે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણા તથા કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપનો હેતુ વિદ્યાર્થીઓ ટૉય મેન્યુફેક્ચરિંગ અને સ્ટાર્ટઅપના ક્ષેત્રથી વાકેફ થાય તેમજ તેઓ પણ પોતાની ઉદ્યોગ સાહસિકતાને વિકસાવી શકે તેવો છે. ટૉય મેન્યુફેક્ચરિંગ તેમજ બાળકેન્દ્રિત સ્ટાર્ટઅપ રજૂ કરનારા વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## લાયન્સ કલબ દ્વારા પર્યાવરણ જન જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૩

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પર્યાવરણ જન જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. જે સે-૭ અને સે-૨૧માં શાકભાજી માર્કેટમાં યોજાયો હતો. આ કાર્યક્રમ લાયન્સ ઈન્ટરનેશનલના પ્રમુખ લાયન ડગ્લાસ એલેક્ષજેન્ડરના જન્મદિવસ પ્રસંગે સેવાકીય પ્રવૃત્તિઓના અનુસંધાને યોજાયો હતો. આ પ્રસંગે પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ઘટાડી, કોટનબેગનો ઉપયોગ થાય તે માટે સમાજમાં જનજાગૃતિ લાવવાનો પ્રયત્ન લાયન્સ કલબ દ્વારા થયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂર્વ પ્રમુખ લાયન મહેન્દ્ર ઠકકર, એન્વાયરમેન્ટ ડાયરેકટર કે.પી. પ્રજાપતિ, લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ દિપેશ પટેલ, નવીન પટેલ, પ્રમુખ પદમસિંહ ચૌહાણ અને લાયન્સ સભ્યો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન્વાયરમેન્ટ કલબ ચેરમેન ધવલ દવેએ કર્યું હતું.



## રાજ્યપાલશ્રીએ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયાધીશ અરવિંદ કુમારને શપથ લેવડાવ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરાયેલાં ન્યાયાધીશ અરવિંદ કુમારને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.



આ શપથ ગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્ય, આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, માર્ગ અને મકાન વિભાગના મંત્રી પૂર્ણેશભાઈ મોદી, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, ગ્રામ વિકાસ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી બ્રિજેશ પટેલ, નર્મદા, જળ, સંપત્તિ અને મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી જીતુભાઈ ચૌધરી સહિતના રાજ્યમંત્રી પરિષદના સદસ્યો, ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશો, મુખ્ય સચિવ, વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ, વરિષ્ઠ સચિવો સહિત અન્ય મહાનુભાવો, રાજ્ય સરકારના તથા ગુજરાત વડી અદાલતના ઉચ્ચાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ધી ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નિવૃત્ત કલાર્કનો વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા સ્થિત ધી ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં પટેલ પુંજાભાઈ ફકીરભાઈની કલાર્ક તરીકે દીર્ઘકાલીન નિષ્ઠાપૂર્વક સેવા બજાવતા હતાં. મંડળીમાં નિવૃત્ત થતાં તેમનો નિવૃત્ત વિદાય શુભેચ્છા સમારંભ મંડળીના ચેરમેન મહેશભાઈ બી. પટેલ તથા કારોબારી સભ્યો દ્વારા શાલ ઓઢાડી ફૂલહારથી બહુમાન કરી સન્માનપત્ર એનાયત કરી સન્માન કર્યુ હતુ.

